**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : અશરફ નથવાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 02-11-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

-----------------------------------------------------

## વિક્રમ સંવત વધામણા : કચ્છ

વિક્રમ સંવત 2081 નાં આજથી આરંભાયેલ નવા વર્ષનાં પ્રજા વધામણા લઈ રહી છે. સમગ્ર જીલ્લામાં આજે નૂતન વર્ષની ઉજવણીનો ઉત્સાહજનક માહોલ છે. નૂતન વર્ષની ઉજવણીના આનંદ સાથે સવારથી જ લોકોએ નવા વસ્ત્રો પરિધાન કરીને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા પહોંચ્યા હતા અને મોઢું મીઠુ કરાવીને નવા વર્ષનો આરંભ કર્યો હતો. બાળકોએ પણ સવારમાં ફટાકડા ફોડીને નવા વર્ષની ઉજવણી કરી હતી. લોકોએ ઘરોને રંગોળી આસોપાલવનાં તોરણોથી સજાવ્યા છે. વ્યક્તિગત ઉપરાંત વિવિધ સંસ્થાઓ સમાજ રાજકીય પક્ષોનાં સ્નેહ મિલનો યોજાઈ રહ્યા છે.

મંદિરોમાં વિશેષ પૂજા અર્ચના થઇ રહી છે. આજે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ પર્વની પણ ઉજવણી કરાઇ. ભુજ અને અન્ય સ્થળોએ

સ્વામિનારાયણ, સત્ય નારાયણ, આશાપુરા, વિગેરેમાં અન્નકૂટ દર્શન માટે ભાવિકો ઉમટ્યા હતા.

બીજી તરફ વેપારીઓએ પણ આજે નવા વર્ષના મુહુર્ત માટે દુકાનોનો શુભમૂહુર્તમાં આરંભ કર્યો હતો. તેમજ વર્ષ દરમિયાન સારો વેપાર થાય તેવી આશા અને ઉમંગ સાથે દિવસની બોણી કરી હતી.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------------------

## ગુજરાતી નવા વર્ષ : PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતી નવા વર્ષ નિમિત્તે ગુજરાતની જનતાને શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રી  મોદીએ સોશિયલ મીડિયા પર ગુજરાતી ભાષામાં એક પોસ્ટમાં લખ્યું કે, આજથી શરૂ થયેલું આ નવું વર્ષ તમારા જીવનમાં સુખ, સફળતા અને સમૃદ્ધિ લઈને આવે અને તમારું સ્વાસ્થ્ય સારું રહે એવી પ્રાર્થના. આવનારા વર્ષમાં તમારા બધા સપના સાકાર થાય અને દરેક દિવસ નવી ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલો રહે, એવી પ્રાર્થના સાથે નવા વર્ષની શુભકામનાઓ...!! નવા વર્ષની શુભેચ્છાઓ!”

**RNU** અમદાવાદ

--------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : પૂજા-અર્ચ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવા વર્ષ નિમિત્તે પૂજા-અર્ચના કર્યા બાદ મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટવર ખાતે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદનની આપ-લે કરી હતી.

ત્યારબાદ તેઓ રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવા પહોંચ્યા હતા. જયાં તેમણે રાજ્યપાલ સાથે મુલાકાત કરી હતી. તેમણે અમદાવાદમાં શાહીબાગ સ્થિત એનેક્ષી સરકીટ હાઉસ, ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આ પ્રસંગે અમદાવાદમાં મુખ્યમંત્રીને રાજકીય આગેવાનો, સામજીક આગેવાનો, ધાર્મિક વડાઓ મળ્યા હતા અને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## પ્રાથમિક શિક્ષણ પસંદગી

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ધોરણ 1થી 8માં કુલ 13 હજાર 852 શિક્ષકોની જગ્યામાં ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. આગામી 7  નવેમ્બરથી 16 નવેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ ધોરણ 1 થી 5 માં 5 હજાર અને ધોરણ 6થી 8માં 7 હજાર અને અન્ય માધ્યમની શાળાઓમાં એક હજાર 852 શિક્ષકોની ભરતી કરાશે. તમામ

ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમ શિક્ષણ નિયામક કચેરીની યાદીમાં જણાવાયું છે.

અશરફ નથવાણી

---------------------------------------------------------------------------

## ધોળાવીરા નવી ટેન્ટ સિટી (બાઇટ)

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ ધોળાવીરામાં નવી ટેન્ટ સિટી તૈયાર શરૂ થતાં વિશ્વભરમાંથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ટેન્ટ સિટી કચ્છના સફેદ રણ જોવા આવતા પ્રવાસીઓ માટે એક નવો અનુભવ બની રહેશે.

કચ્છની સંસ્કૃતિ અને કલાને દર્શાવતી આ ટેન્ટ સિટી 15 માર્ચ સુધી ખુલી રહેશે. ધોળાવીરા ટેન્ટ સિટીમાં કુલ 140 ટેન્ટ છે, જેમાં દરબારી અને રાજવાડી ટેન્ટનો સમાવેશ થાય છે. આ ટેન્ટ સિટી બનાવવાનો મુખ્ય હેતુ ધોળાવીરાને પ્રોત્સાહન આપવાનો છે જેથી કચ્છના આ દૂરસ્થ પ્રાચીન શહેર અને પ્રાચીન સંસ્કૃતિને વધુ પ્રદર્શિત કરી શકાય.

ધોળાવીરા ટેન્ટ સિટીના મેનેજર અમિત ગુપ્તા કહે છે કે આ ટેન્ટ સિટીમાં કચ્છની સંસ્કૃતિના દર્શન કરાવવાની સાથે અહીંના સ્થાનિક લોકોને રોજગાર પણ આપી રહી છે. જુલાઈ 2021માં જ્યારે યુનેસ્કોએ

ભારતના કચ્છ જિલ્લામાં આવેલી સિંધુ  સંસ્કૃતિ સાથે જોડાયેલ વર્લ્ડ હેરિટેજ જાહેર કરી હતી ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ધોળાવીરા સાથે જોડાયેલી પોતાની યાદોનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી મોદીએ લખ્યું હતું કે તેઓ પહેલીવાર પોતાના સ્કૂલના દિવસોમાં આ ખૂબ જ રોમાંચક સ્થળ પર પહોંચ્યા હતા. ઘણા દાયકાઓ પછી જ્યારે તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે અહીંની મુલાકાત લીધી હતી. આ ટેન્ટ સિટીમાં આવતા પ્રવાસીઓ બોલિવૂડ થીમ સાથે ટેન્ટ સિટીમાં રહેવાનો આનંદ માણી શકશે અને સાથે સાથે ધોળાવીરાના ઇતિહાસ વિશે પણ જાણી શકશે.

બાઇટ અમિત ગુપ્તા - પ્રબંધક ધોળાવીરા ટેન્ટ સિટી

અશરફ નથવાણી

--------------------------------------------------------------------------

## મુ.મંત્રી શ્રી

મુખ્યમંત્રી

RNU અમદાવાદ

--------------------------------------------------------------------------